B A O U

डॉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય" પરિસર,

શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઇવે,

છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧

E-mail: feedback@baou.edu.in Website : www.baou.edu.in

## સત્રીયકાર્ય જૂન– ૨૦૧૬

## સ્નાતક પદવી અભ્યાસક્રમ : (BDP)

## પાઠયક્રમ શીર્ષક

# AHE-01

## માનવ પર્યાવરણ :- AHE-01

## અગત્યની સૂચનાઓ

- ✓ વિદ્યાર્થીઓએ પોતાના પાઠયક્રમોના સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટીની વેબ-સાઈટ પરથી મેળવવાના રહેશે.
- ✓ સત્રાંત પરીક્ષા આપવા માટે સ્વાધ્યાય કાર્ય રજુ કરવા ફરજીયાત છે. સ્વાધ્યાય કાર્ય જમા કરાવેલ નહીં હોય, તો પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.
- ✓ તૈયાર કરેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાની છેલ્લી તારીખ ૩૦/૧૨/૨૦૧૬ છે. આ તારીખ પછી વિદ્યાર્થીઓ દ્વારા મોકલાવેલ સ્વાધ્યાયકાર્યો સ્વીકારવામાં આવશે નહી.
- ✓ જમા કરાવેલ સ્વાધ્યાયકાર્યોની પહોંચ અભ્યાસકેન્દ્ર પરથી લેવી ફરજીયાત છે.
- ✓ વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથેના સ્વાધ્યાયકાર્યો અભ્યાસ કેન્દ્ર પરથી અવશ્ય પરત લેવા.
- ✓ વિદ્યાર્થી પોતાના સ્વાધ્યાયકાર્યોના ગુણ યુનિવર્સિટીની વેબ-સાઈટ પર જોઈ શકશે.
- ✓ આ પાઠ્યક્રમ સ્નાતક પદવીનાં તૃતિય વર્ષના વિદ્યાર્થીઓ માટે વ્યવસાયલક્ષી પઠયક્રમો પૈકીનો એક છે.
- ✓ ત્રીજા વર્ષમાં વિદ્યાર્થી માટે વ્યવસાયલક્ષી પાઠ્યક્રમો પૈકી ઓછામાં ઓછા ૮ ક્રેડિટના અને વધુમાં વધુ ૧૬ ક્રેડિટના પાઠયક્રમો પસંદ કરવાના રહેશે.

# સત્રીયકાર્ય માટે આવશ્યક સૂચનાઓ

## પ્રિય વિદ્યાર્થી મિત્રો

આપને દરેક પાઠયક્રમદીઠ એક સત્રીયકાર્ય તૈયાર કરવાનું ફરજિયાત છે. દરેક સત્રીયકાર્ય તમામ અભ્યાસ-સામગ્રી પર આધારીત હોય છે.

સત્રીયકાર્ય તૈયાર કરી આપના અભ્યાસકેન્દ્રના સંયોજકશ્રી પાસે જમા કરાવવું અને તેની પાવતી અવશ્ય લેવી. દરેક સત્રીયકાર્યની ઝેરોક્ષ નકલ આપની પાસે રાખવી.

દરેક સત્રીયકાર્યના ૧૦૦ ગુણ નિશ્રિત છે. જેમાં પાસ થવા માટે B.A./B.com.માં ૩૬ ગુણ લાવવા જરૂરી છે. પરિણામમાં તેનો ભારાંક ૩0% હોય છે. અભ્યાસકેન્દ્ર દ્વારા મૂલ્યાંકન કરાવેલ સત્રીયકાર્યો પરીક્ષામાં વાંચવા માટે પરત અવશ્ય લેવું. અભ્યાસકેન્દ્ર આપના સત્રીયકાર્યના ગુણો યુનિવર્સિટી અમદાવાદ ખાતે મોકલી આપશે. જે આપની માર્કશીટમાં ગુણગ્રેડ યાદીમાં સામેલ કરી (૭0% પરીક્ષા અને ૩0% સ્વાધ્યાયકાર્ય) ફાઈનલ ગુણગ્રેડ માર્કશીટ તૈયાર થશે.

આ સત્રીયકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય પરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સત્રીયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્રો જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. આપ વાંચનથી જે શીખ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી આપ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાની કામગીરી ગંભીરતાથી કરશો.

યુનિવર્સિટીમાં વર્ષ-૨૦૦૮ સુધીના પ્રવેશાર્થીઓ માટે B.A./B.Com. ના પ્રથમ ,દ્વિતિય તથા તૃતિય વર્ષના તમામ અભ્યાસક્રમ/પાઠયક્રમમાં ચાર ક્રેડિટના પાઠયક્રમમાં બે અને આઠ ક્રેડિટના પાઠયક્રમમાં ત્રણ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાનો નિયમ હતો. એકેડેમીક પ્લાનીંગ બૉડની (A.P.B. મંજૂરી થી) ઓગષ્ટ-૨૦૦૯ થી પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય રજૂ કરવાની નવી પદ્ધતિ શરૂ થયેલ છે. તેથી આપને પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય જે આપને આપના અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટીની વેબ-સાઈટ  પરથી મેળવવાના હોય અને તેને નિશ્ચિત થયેલ છેલ્લી તારીખમાં સ્વ-અધ્યયનના આધારે તૈયાર કરી, આપના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાના રહેશે.

આપના પાઠ્યક્રમના સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.

| | |
|---|---|
| નોંધણી નંબરઃ-______________________ | અભ્યાસક્રમઃ- ______________________ |
| પૂરૂં નામઃ-______________________ | પાઠ્યક્રમઃ-______________________ |
| સરનામુંઃ- ______________________ | સ્વાધ્યાય સંખ્યાઃ- ______________________ |
| મોબાઈલ નંબરઃ- ______________________ | તારીખઃ- ______________________ |

અમે ઈચ્છીએ છીએ કે આપ દરેક સત્રીયકાર્ય અલગ-અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે નિયત સમય મર્યાદામાં તૈયાર કરી અભ્યાસકેન્દ્ર પર જમા કરાવશો. મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથે પોતાના સ્વાધ્યાયકાર્યો  અભ્યાસકેન્દ્ર પરથી પરત અવશ્ય લેવું.

જૂના વિદ્યાર્થીઓ (૨૦૦૮ સુધીના) માટે જૂની પધ્ધતિના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, જે ધ્યાને લેવું.

**શુભેચ્છા સહ,**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**પાઠયક્રમ કોડ :- AHE-01:-માનવ પર્યાવરણ**

**સત્રીયકાર્ય કોડ :- AHE-01/AST-01/TMA/2016**

**(તમામ પાઠયસામગ્રી પર આધારિત)**

**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :-30/12/2016** **(કુલ ગુણ:-100)**

**વિભાગ-ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો.** (૨×૨૦=૪૦)

૧ નિવસનતંત્રમાં ઊર્જા કાર્ય સ્પષ્ટ કરી ઊર્જા પ્રવાહ તથા ઊર્જા પ્રવાહ નિયંત્રિત કરવાના નિયમો વિશે વિગતે ચર્ચા કરો.

**અથવા**

મનુષ્યનું સામાજીક પર્યાવરણ અંગે સમજૂતી આપી મુખ્ય સામાજીક સંસ્થાઓ અંગે વિગતે ચર્ચા કરો.

૨ પ્રેરિત કૃષિ નિર્વસનતંત્રની ઉત્ક્રાંતિ અંગે ચર્ચા કરી પરંપરાગત કૃષિ અંગે વિગતે ચર્ચા કરો.

**અથવા**

પ્રદૂષણ એટલે શું? હવા-પ્રદૂષકોના પ્રકારો જણાવી વિગતે ચર્ચા કરો.

**વિભાગ-ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો.(ગમે તે બે)** (૨×૧૫=૩૦)

૧ માનવ સ્વાસ્થ્ય પર પર્યાવરણની અસર સમજાવી વ્યવસાય અને સ્વાસ્થ્ય વચ્ચેનો આંતર સંબંધ સમજાવો.

૨ પર્યાવરણની ગુણવત્તાની વ્યવસ્થાના ભાગ સ્વરૂપે પાણીની ગુણવત્તાની જાળવણી વિશે ચર્ચા કરો.

૩ ભૂમિ અવક્રમણના કારણો જણાવી વિગતે ચર્ચા કરો.

૪ પર્યાવરણ સંરક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરી તેના હેતુઓ અને સિદ્ધાંતો વિશે વિગતે ચર્ચા કરો.

**વિભાગ-ગ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.(ગમે તે ચાર)** (૪×૫=૨૦)

૧ સ્થલીય નિવસન તંત્ર વિશે વિગતે ચર્ચા કરો.

૨ અતિ સમુપયોજનની ભૌતિક પર્યાવરણ પર અસરો સમજાવો.

૩ જૈવિકતંત્ર પર પ્રદૂષણની અસરો સમજાવો.

૪ ભોપાલ ગેસ દુર્ઘટના વિશે ટૂંકનોંધ લખો.

૫ કાર્બનચક્ર વિશે વિગતે ચર્ચા કરો.

**વિભાગ-ઘ ખાલીજગ્યા પૂરો (ગમે તે દશ)** (૧×૧૦=૧૦)

૧ નિવસનતંત્ર શબ્દ અંગ્રેજી ______શબ્દથી બનેલો છે.

૨ એસી અને રીફ્રીજરેટરમાંથી નીકળતા___________વાયુને કારણે ઓઝોન સ્તરમાં ઘટાડો થાય છે.

૩ ઈલેક્ટ્રીક પાવર પ્લાન્ટ્સમાં ___________નો ઉપયોગ બળતણ તરીકે કરવામાં આવે છે.

૪ ડિટરજન્ટ્સમાં મુખ્ય ઘટક તરીકે ______________હોય છે.

AHE-01

૫ મસૂરની દાળ__________નામનો ચેતાતંત્ર રોગ કરે છે.

૬ ____________દ્વારા અવાજની તીવ્રતા માપી શકાય છે.

૭ વિકાસના ભ્રૂણમાં જન્મજાત ખોડ કરતા રસાયણો ________________કહેવાય છે.

૮ એપીકોનો અર્થ_____________________થાય.

૯ ઈન્ડિયન બોર્ડ ઓફ વાઈલ્ડ લાઈફની સ્થાપના____________વર્ષમાં કરવામાં આવી.

૧૦ સૂર્યના આંતરિક ભાગોમાં લગભગ _____________ K તાપમાન પર તાપ નાભિકિય અભિક્રિયા સતત ચાલુ રહે છે.

૧૧ સુએજના ઉપચારોમાં રહેલી બધી અશુદ્ધિઓને સમગ્ર રીતે ----------------- તરીકે ઓળખવામાં આવે છે.

૧૨ ફુગના વિષ ------------------------- કહેવાય છે.

AHE-01